**:: આંક – ૪૪૦ ની અરજી લગત હુકમ::**

(૧) વાદી ધ્વારા સી.પી.સી.ની કોડ ની ઓ.૧૪ રૂલ ૫ તથા કલમ ૧૫૧ હેઠળ ની  હાલની અરજી આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે આ દાવાના મૂળ વાદી નવીનભાઈ કાંતીભાઈ રાઠોડે આ દાવો દાખલ કરેલ હતો. ચાલુ દાવાના કામે તેઓ અવસાન પામતા તેઓના પત્નિ અને બે પુત્રોને આ દાવામાં વાદી નં. ૧/૧ થી ૧/૩ તરીકે દાખલ કરવામાં આવેલ છે. આ દાવામાં અગાઉ વાદી નવીનભાઈ હયાત હતા ત્યારે વાદી તથા પ્રતિવાદી નં. ૩ વચ્ચે આંક ૨૭૬ તા. ૦૩–૦૩–૨૦૧૪ થી "કરારદાદ (આંશિક હુકમનામુ/પાર્સીયલ ડીક્રી)" ના મથાળા હેઠળનું જે સમાધાન થયેલ હતું તે સમાધાનના અનુંસંધાનમાં વાદીએ આંક ૨૮૧ થી તા. ૨૨–૧૨–૨૦૧૪ ના રોજ અરજી આપીને હાલના પ્રતિવાદી નં. ૩ ને દાવામાં વાદી નં. ૨ તરીકે જોડવા માટે એટલેકે ટ્રાન્સપોઝીશન કરવા માટે અરજી આપેલ હતી. પરંતુ ત્યાર બાદ પ્રતિવાદી નં. ૩ ના એ આંક ૨૭૬ વાળા કરારદાદ મુજબની શરતોનું પાલન કરેલ ન હોવાથી તથા તેમાં નકકી થયા મુજબની રકમ પુરેપુરી ચુકવવામાં કસુર કરેલ હોવાથી પ્રતિવાદી નં. ૩ ને વાદી નં. ૨ તરીકે જોડવા માટેની અરજી વાદી મૈયત નવીનભાઈના વારસદારોએ તા. ૧૯–૧૨–૨૦૧૯ ના રોજ "નોટ પ્રેસ" કરેલ હોવાથી નામદાર કોર્ટે તે અરજીનો તા. ૧૯–૧૨–૨૦૧૯ ના રોજ ઉપરોકત એન્ડોર્સમેન્ટને ધ્યાનમાં લઈ તે મુજબ નિકાલ કરેલ હતો. પ્રતિવાદી નં. ૩ ના એ આંક ૨૭૬ માં જણાવ્યા મુજબનું જે કરારદાદ રજુ થયેલ તેમાં = કરારદાદ અન્વયેનો નિર્ણય દાવાલગત કરવામાં આવે અને તે રીતે કરારદાદ કામમાં દાખલ કરવામાં આવેલ છે તે મતલબનો હુકમ નામદાર કોર્ટ તા. ૦૩–૦૩–૨૦૧૪ ના રોજ કરેલ છે. તે આંક ૨૭૬ મુજબ હુકમનામું કરવાનો કે દાવો ફેસલ કરવાનો હુકમ તેમાં થયેલ હોવાનું જણાતું નથી.

વધુમાં જણાવીએ છીએ વાદી તથા પ્રતિવાદી નં. ૩ પરીખ એસોસીએટ્સ વચ્ચે થયેલ આંક ૨૭૬ તા. ૦૩–૦૩–૨૦૧૪ વાળા સમાધાન કરાર/કરારદાદમાં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૩ નાએ વાદીને કુલ રૂા. ૧,૮૦,૦૦,૦૦૦/– (રૂપિયા એક કરોડ ઍસી લાખ પુરા) ચુકવવાના નકકી થયેલ હતા. પરંતુ પ્રતિવાદી નં. ૩ ના એ તે કરારદાદમાં જણાવ્યા મુજબની પુરેપુરી રકમ ચુકવેલ નથી. આમ પ્રતિવાદી નં. ૩ ના એ સદર કરારદાદની શરતોનો ભંગ કરેલ છે અને રકમ ચુકવવામાં કસુર કરેલ છે. આથી આંક ૨૭૬ વાળો કરારદાદ/સમાધાન કરાર આપો આપ રદબાતલ અને નિરર્થક થયેલ છે અને તેનું અસ્તીત્વ સમાપ્ત થયેલ છે અને તે વાદીઓને બંધનકર્તા નથી. આમ છતાં આ બાબતમાં કોઈ ગેરસમજ કે ગુંચવણ કે બિનજરૂરી પ્રશ્ન ઉભો ન થાય તે માટે આંક ૨૭૬ વાળા કરારદાદના અસ્તીત્વનો સ્વીકાર કર્યા વગર તથા તેની કાયદેસરતા/વેલીડીટી નો સ્વીકાર કર્યા વગર તથા અમારા હકકો અબાધીત રાખીને

સદર આંક ૨૭૬ વાળો કરારદાદ રદ બાતલ અને નિરર્થક છે અને તે અમોને બંધનકર્તા નથી તેવું વાદીઓએ તા. ૦૬–૧૦–૨૦૨૫ ના રોજ અલગથી પુરશીશ આપીને જાહેર કરેલ છે.નામદાર કોર્ટે આ દાવામાં આંક ૪૩૪ ની અરજી લગત તા. ૨૬–૦૯–૨૦૨૫ ના રોજ કરેલ હુકમના અનુંસંધાનમાં તથા પ્રતિવાદી નં. ૩ ના એ આંક ૩૧૬ વાળા મુદાઓ પૈકી મુદા નં. ૯ અને ૧૦ ને રદ કરવા માટે તા. ૦૧–૧૦–૨૦૨૫ ના રોજ આપેલ અરજીના અનુંસંધાનમાં અમોએ દાવા અરજીમાં સુધારો કરવા માટે આજ રોજ અલગથી અરજી આપેલ છે. આ દાવામાં પક્ષકારો વચ્ચેના વિવાદો, તકરારો અને “રિયલ કવેશ્ચન્સ ઈન કોન્ટ્રોવર્સી” નો સાચો, ખરો અને યોગ્ય ન્યાય સંગત નિર્ણય કરવા માટે દાવામાં નામદાર કોર્ટે આંક ૩૧૬ થી જે મુદાઓ કાઢેલ હતા તેમાં એક વધારાનો મુદ્દો નીચે મુજબનો ઉમેરવાની જરૂર ઉભી થયેલ છે આથી હાલની અરજી આપેલ છે.આ દાવામાં હાલમાં જે ડેવલપમેન્ટ થયેલ છે તેથી હાલની અરજી આપવાની જરુરીયાત ઉભી થયેલ છે.સીપીસી કલમ ૧૫૧ તથા ઓર્ડર ૧૪ રૂલ ૫ મુજબ હાલની અરજી મંજુર કરવાની નામદાર કોર્ટને સત્તા પહોંચે છે. સબબ વિનંતી કે ઉપરોક્ત હકીકતો તથા સંજોગો અને આ દાવાનું રેકોર્ડ ધ્યાનમાં લઈ હાલની અરજી મંજુર કરવા અને દાવામાં આંક ૩૧૬ થી નામદાર કોર્ટે અગાઉ જે મુદાઓ કાઢેલ છે. તેમાં મુદા નં. ૧૦ પુરો થાય ત્યારબાદ મુદા નં. ૧૦ (એ) તરીકે નીચે મુજબનો મુદો ઉમેરવા માટે મુદ્દામાં સુધારો કરવા માટે યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

પ્રપોઝડ મુદા નં. ૧૦ (એ)

Whether the plaintiff proves that the defendant no. 3 has committed default in payment of full Amount as agreed in compromise agreement made between the plaintiff and defendant no. 3 on 03–03–2014 bearing exhibit No. 276 and hence due to breach of this compromise agreement by the defendant no. 3, this compromise agreement has become cancelled, null and void and it is not binding to the plaintiff ?

જેથી મુદા નં. ૧૦ (એ) તરીકે નીચે મુજબનો મુદો ઉમેરવા માટે મુદ્દામાં સુધારો કરવા માટે યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨)** સદર અરજીનો પ્રતિવાદી નં. ૧ દ્વારા આંક–૪૪૫ થી જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે વાદીની અરજ સદર કામે વાદી પક્ષના જુબાની અને તેમના પુરાવા નામદાર કોર્ટમાં રજુ થયા બાદ અને પ્રતિવાદી તર્ફે પણ જુબાની શરુ થઈ ગયા બાદ મુદ્દો સુધારવાની અરજ આપેલી છે તેથી અરજ રદ થવાને પાત્ર છે. વાદી જે દાવો દાવા અરજ રજુ કરેલ છે તેમાં આંક–૨૭૬ કરાર દાદનો ઉલ્લેખ છે જે સંબંધે નામદાર કોર્ટ આંક–૨૭૬ અને આંક–૧ હેઠળ પાર્સીઅલ હુકમનામાનો ઉલ્લેખ કરેલ છે. અને નામદાર કોર્ટ તેમના વચ્ચેનો કરાર

દાદ ધ્યાને લઈ દાવો ફેસલ કરેલ છે. અને મુદ્દો ફ્રેમ કરવા માટે નામદાર કોર્ટ માત્ર વાદી/પ્રતિવાદીના પ્લીડીંગ્સ જ તપાસીને મુદો ફ્રેમ કરવાનો રહે છે અને માત્ર પ્લીડીંગ્સ પરથી મુદો ફ્રેમ કરી શકાય અને નિશાની-૧ હેઠળનો હુકમો વર્ષો પહેલા થઈ ગયા છે અને પ્રતિવાદી નં.૩ નાએ વાદી તરીકે દાવામાં દાખલ થવા અરજી આપેલ તે અરજી પણ કાઢી નાખી છે અને વાદીએ તે અરજ પરત ખેંચી લીધેલી છે ત્યારે આ તબકકે કોઈ મુદ્દો જુબાનીઓ પછી વગર કારણે પ્લીડીંગ્સ વગરના મુદા કાઢવાની અરજી નિરર્થક છે તેથી અરજ રદ થવાને પાત્ર છે. નામદાર કોર્ટે નિશાની-૧ હેઠળ અને આંક/નિશાની-૨૭૬ હેઠળ હુકમ કરેલ છે તેથી હવે આ તબકકે તદ્દન Vague અને સીપી કોડના પ્રતિવાદી ઓ કાયદા વિરુધ્ધ અરજી આપેલી છે. તેથી અરજ રદ થવાને પાત્ર છે. અને પ્લીડીંગ્સથી બહાર જઈ હાલની અરજી ખોટી, અને માયાવી (Jllusory) છે. તેથી અરજ રદ થવાને પાત્ર છે.

(૩) સદર અરજીનો પ્રતિવાદી નં. ર અને ૩ ધ્વારા કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૪) સદર કામે વાદી વ. શ્રી દલીલ કરતાજણાવે છે કે વાદીએ પ્લીડીગમા સુધારો કરવા માટે અરજી રજુ કરેલ છે.તેમજ પ્રતિવાદી નં. ૩ એ આંક-૪૩૭ થી જે અરજી આપેલ છે તે અરજી ના કામે મુદ્દા બીજા મુદ્દા સાથે ઈન્ટરકનેકટ છે. આજે પણ પ્રતિવાદી નં. ૩ દાવામાં પક્ષકાર છે. પ્રતિવાદી નં. ૧ અને ર ને કોઈ લેવા દેવા નથી. વાદીના હકકો પ્રતિવાદી નં. ૩ એ સ્વીકારેલ છે. તે સંજોગોમાં મુદ્દો રીકાસ્ટ કરવાની અરજી મંજુર કરવી જોઈએ.

(૫) પ્રતિવાદી નં. ર દલીલ કરતા જણાવે છે કે જે મુદાઓ નામદાર કોર્ટે જે તે સમયે ફ્રેમ કરેલ છે તે સમયે વાદીએ પોતાના દાવાની હકીકતો અંગેના મુદ્દાઓ ધ્યાને લઈ સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેઓની ઉલટતપાસ પણ થઈ ગયેલ છે. આ રીતે વાદીએ જે તે સમયે પુરાવા રજુ કરતા અગાઉ મુદા ઉમેરવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાને લીધેલ નથી. હવે જયારે વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧, ર ના પુરાવા પુર્ણ થઈ ગયેલ છે. તેમજ મુળ કરાર દાદ અન્વયે પ્રતિવાદી નં. ૩ જ પક્ષકાર તરીકે રેકર્ડ પર રહેતા ન હોય તે મુદ્દો ઉમેરવાની અરજી ટકી શકે તેમ નથી.

(૬) પ્રતિવાદી નં. ૧ દલીલ કરતા જણાવે છે કે મુદ્દા ફ્રેમ કરવા માટે વાદી અને પ્રતિવાદીના પ્લીડીગ્સને ધ્યાને લેવાના છે નિ. ૧ હેઠળનો હુકમ વર્ષો પહેલા થઈ ગયેલ છે. જેથી જુબાનીઓ પછી વગર કારણે પ્લીડીગ્સ વગરના મુદ્દા કાઢવાની અરજી નિરર્થક છે તેમજ સી.પી.સી. ની જોગવાઈઓ વિરુધ્ધની છે. વધુમા દલીલ

કરતા જણાવે છે કે હુકમનામુ થયા પહેલા કોઈ પણ સમયે મુદા નામદાર કોર્ટ ઘડી શકે છે. પરંતુ હાલના કેસમાં વાદી અને પ્રતિવાદી નં. ૩ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને નામદાર કોર્ટના હુકમ મુજબ હુકમનામું દોરવાનો હુકમ પણ થઈ ગયેલ છે. વાદીનો કેસ જોવામા આવે તો વાદીનો કેસ સ્પેસીફીક પરફોર્મનસ ઓફ કોન્ટ્રાકટનો છે. ઘણા લાંબા સમય પછી હાલની અરજી આપેલ છે.હાલ કેસ નાજુક તબકકમાં છે તે સંજોગોમાં સદર અરજી રદ થવાને પાત્ર છે.

(૭) સી. પી.સી.ઓર્ડર ૧૪ રૂલ ૫ ઘ્યાને લેવી જરૂર હોય નીચે મુજબ છે.

**5. Power to amend, and strike out, issues.-**(1) The Court may at any time befin passing a decree amend the issues or frame additional issues on such terms as it think fit, and all such amendments or additional issues as may be necessary for determi the matters in controversy between the parties shall be so made or framed.
(2) The Court may also, at any time before passing a decree, strike out any issues that appear to it to be wrongly framed or introduced.]

(૮) સાંભળ્યા, અરજી વંચાણે લીધી. પક્ષકારોના વિ. વ. શ્રીની દલીલો ઘ્યાને લીધી. ઉપરોકત જોગવાઈ ઘ્યાને લીધી. સદર કામે વાદી તથા પ્રતિવાદી નં. ૩ વચ્ચે આંક–૨૭૬ થી કરારદાદથી સમાધાન થયેલ છે. સદર સમાધાન સ્વૈચ્છીક હોવાનું જણાતા મારા પુરોગામી ન્યાયાધીશ શ્રીએ સદર દાવો પ્રતિવાદી નં. ૩ તરફે સમાધાનથી ફેસલ કરવાનો હુકમ કરેલછે. સદર હુકમની વાદી ઘ્વારા નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ પડકારેલ નથી. જે હકીકત ઘ્યાને લેતા તથા સદર કામે વાદી તથા પ્રતિવાદીનો પુરાવો પુર્ણ થયેલ છે. સી. પી. સી. ઓર્ડર ૧૪ રૂલ ૫ ની જોગવાઈ ઘ્યાને લેતા દાવાના કોઈ પણ તબકકે નામદાર કોર્ટ મુદ્દામા સુધારો કરી શકે તે હકીકત સાથે અત્રેની કોર્ટ સંપુર્ણ સહમત છે. પરંતુ જયારે વાદીને પ્રતિવાદી નં. ૩ સાથે સમાધાન થઈ ગયેલ છે. જે હકીકતને વાદીએ આજદીન સુધી પડકારેલ નથી. નામદાર કોર્ટ ઘ્વારા જે મુદ્દા ઘડવામાં આવેલ છે તે અનુસાર વાદી તથા પ્રતિવાદીઓનો પુરાવો પુર્ણ થયેલ છે. જયારે વાદી તથા પ્રતિવાદી નં. ૩ નો દાવો કરારદાદથી ફેસલ થયેલ છે. તે સંજોગોમાં કાયદાના ધારા ધોરણ મુજબ હાલની અરજી ટકવા પાત્ર જણાતી ન હોય, તેમજ વાદીને સુધારા અરજી નામંજુર કરેલ હોય તેવા સંજોગોમાં મુદ્દો ઘડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય હાલની અરજી તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

– વાદીની આંક–૪૪૦ ની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજ તારીખ:૧૬.૧૦.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.**

તા.૧૬.૧૦.૨૦૨૫
વડોદરા

**(એ.એસ.શેખ)**
બીજા એડી.સીનીયર સીવીલ જજ,
વડોદરા.
**(કોડ નં.જીજે ૦૦૮૯૯)**